# આચાર્ય જોઈએ છે.

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર સંચાલિત અને ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (અનુદાનીત), ગાંધીનગરમાં ખાલી પડેલ આચાર્યની જગ્યા ભરવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: કચટ/ISF-૮/રમા.ભરતી/૨૦૨૩/૨૧૭૨૦-૨૧ તા. ૦૨-૧૧-૨૦૨૩ થી મંજુરી મળેલ છે.

## લાયકાત અને અનુભવ

- ઉમેદવાર UGCની ૩૦ જૂન ૨૦૧૦ અને ૧૮ જુલાઈ ૨૦૧૮ની માર્ગદર્શિકા તથા શિક્ષણ વિભાગના વખતો વખતના ઠરાવો પ્રમાણે લાયકાત અને અનુભવ ધરાવતા હોવા જોઈએ.
- માન્ય યુનિવર્સિટીમાંથી ૫૫% ગુણ સાથે અનુસ્નાતક ડિગ્રી અને પીએચ.ડી.ની ડિગ્રી મેળવેલ હોવી જોઈએ. તેમજ કોલેજ/ યુનિવર્સિટી અથવા ઉચ્ચ શિક્ષણની અન્ય સંસ્થાના એસોસિએટ પ્રોફેસર/પ્રોફેસર તરીકે કુલ મળીને ઓછામાં ઓછો ૧૫ વર્ષનો શિક્ષણ/સંશોધન ક્ષેત્રે સેવાનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.
- સરકારશ્રીના વખતોવખતનાં ઠરાવો તથા તા. ૨૪-૦૫-૨૦૨૧નાં ઠરાવથી નિયત ગુણાંકન / લાયકાત અને યુજીસી રેગ્યુલેશન-૨૦૧૮ Appendix II Table-2 મુજબ લાયકાત/નિયત ગુણાંકન ધરાવતા હોવા જોઈએ તથા તે ભારતના નાગરિક હોવા જોઈએ.
- પીઅર રીવ્યુડ અથવા યુ.જી.સી. લીસ્ટેડ જર્નલમાં ઓછામાં ઓછા ૧૦ સંશોધન પેપર તથા યુજીસી રેગ્યુલેશન-૨૦૧૮ Appendix II Table-2 મુજબ ન્યૂનતમ રીસર્ચ સ્કોર ૧૧૦ અને છ કેટેગરીમાંથી ઓછામાં ઓછી ત્રણ કેટેગરીમાં રીસર્ચ સ્કોર.
- પગાર ધોરણ: સરકારશ્રી તથા યુ.જી.સી.ના પ્રવર્તમાન ધારા ધોરણ મુજબ.
- નોકરીમાં હોય એવાં ઉમેદવારોએ પોતાની સંસ્થાનું "No Objection Certificate (NOC)" અરજી સાથે મોકલવાનું રહેશે.
- ઈચ્છુક ઉમેદવારો સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની વેબસાઈટ https://samarpancollege.org પર અરજીનો નમુનો અને સંદર્ભ દર્શિત ઠરાવો જોઈ અને મેળવી શકાશે.
- ઉમેદવારે અરજી રજિસ્ટર્ડ પોસ્ટ એ.ડી. દ્વારા નિયત નમુનાની અરજી સાથે પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ, સ્નાતક, અનુસ્નાતક, પીએચ.ડી., રીસર્ચ એ.પી.આઈ.નું સ્વપ્રમાણિત ગણતરી પત્રક તથા અનુભવ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે નીચે જણાવેલ સરનામે આ જાહેરાત પ્રસિદ્ધ થયાને ૧૫ દિવસમાં અચૂક મોકલાવી રહેશે. અધુરી વિગતોવાળી તેમજ નિયત તારીખ પછીથી આવેલ અરજીઓ ધ્યાનમાં લેવાશે નહિ. અરજીના કવર ઉપર "આચાર્યની ભરતી" અવશ્ય લખવું. ઉમેદવારે પોતાની API ની સોફ્ટ કોપી registrar@samarpancampus.ac.in પર મોકલી આપવી.
- અરજી મોકલવાનું સરનામું : રજીસ્ટ્રાર, સમર્પણ એજ્યુકેશન અને રીસર્ચ કેમ્પસ, સમર્પણ સર્કલ પાસે, ખ-૭, સેકટર- ૨૮, ગાંધીનગર-૩૮૨૦૨૮

તા. ૨૩/૧૧/૨૦૨૩
સ્થળ : ગાંધીનગર

ટ્રસ્ટી
ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ